સાલ : ૮ / સિલસિલાવાર નંબર : ૯૩ / શુમારો : ૯
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ
કુલ પાના - ૧૨

مشكوة
Mishkaat-ul-Haadi
મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખ્બાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.
તા. ૧ રમઝાનુલ મોઅઝઝમ ૧૪૩૨ હિ., ૩૧-૭-૨૦૧૧

# –::: શહરૂલ્લાહ અને દીનુલ્લાહ :::–

**"શહરૂલ્લાહ"** યાઅની અલ્લાહનો મહીનો રમઝાનુલ મોઅઝઝમ છે અને **"દીનુલ્લાહ"** યાઅની અલ્લાહનું દીન ઈસ્લામ છે. દીનુલ્લાહ હમને શહરૂલ્લાહની અઝમત અને ઈઝઝત રાખવાની તાકીદ કરે છે અને શહરૂલ્લાહ હમને દીનુલ્લાહની પાબંદી વાસ્તે બહેતરીન નુસ્ખા અને આઅલા તરીકાની તાઅલીમ આપે છે. શહરૂલ્લાહમાં કિતાબુલ્લાહ - અલ્લાહના કિતાબ દુનિયામાં નાઝિલ થયા અને આ કિતાબના સબબ આજે દીનુલ્લાહની બલંદી અહલે દીનને દરમિયાન બરકરાર છે. શહરૂલ્લાહ એક જ એવો મહીનો છે જેમાં હજ્જ સિવાય અલ્લાહના દીનના તમામ ફરાઈઝ હમેં અદા કરીએ છીએ, જેમકે, નમાઝ, રોઝા, ઝકાત, પાકી, વલાયત અને જેહાદ. **દાઇયુલ્લાહ-સાહબે દાઅવત હમને અલ્લાહના આ દીને કામિલના હર અરકાન અને લાઝિમ ચીઝોને શહરૂલ્લાહમાં અદા કરવાની ખાસ હિદાયત ફરમાવે છે.** જે શખ્સ દાઈયુલ્લાહ સાથે મોહબ્બત રાખીને આપની હિદાયતને કલ્બો ઝમીરમાં ઉતારશે, તે જ શહરૂલ્લાહના મકસદ અને ગરઝને પહોંચી શકશે અને અલ્લાહને નઝદીક મહેબૂબો અઝીઝ થઈ શકશે.

શહરૂલ્લાહ ત્રણ દસકામાં તકસીમ થયેલા છે, પહેલો દસકો રહેમતથી, બીજો દસકો મગ્ફેરતથી અને ત્રીજો દસકો જન્નતના સવાલ તેમજ જહન્નમથી ગરદનોને આઝાદ કરવાની દોઆથી મખ્સૂસ છે. મગ્ફેરત બગૈર ન તો જન્નત હાસિલ થાય છે, ન કે રહેમતે ઈલાહીના તલબગાર થવાય છે. શહરૂલ્લાહની તીસ અય્યમની રોઝા રાખવાની મૌસમ હમને મગ્ફેરતના એવા પુરબહાર બાગની તરફ લઈ જાય છે જેમાં અલ્લાહના ઈન્આમો ઈકરામના રંગબેરંગી ફૂલો ખિલેલા હોય છે. આ ઈન્આમનો વાઅદો અલ્લાહતઆલા એ મુજબ કરે છે કે, **"રોઝા મારા વાસ્તે છે અને હું તેની જઝા આપીશ."** આ જઝાનું નામ જન્નત છે. ગુનાહોથી દૂર રહેવાનો અને મગ્ફેરત તલબીને આસાન બનાવવાનો એક પુરઅસર તરીકો રોઝું છે. જેમાં રોઝદારનું સૂઈ જવું ઈબાદત છે અને સાઁસ લેવું તસ્બીહ કરવું છે. રોઝામાં અલ્લાહના દીનની પાબંદી પુખ્તા થાય છે અને અલ્લાહના ઔલિયા (અ.સ.) ની સીરત પર ચાલવાનો શૌક પૈદા થાય છે.

દીન તો અલ્લાહના નઝદીક ઈસ્લામ જ છે. મૌલાના આદમ સફીયુલ્લાહ (અ.સ.) થી ખત્મુલ મુરસલીન મૌલાના મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તક તમામ અંબિયા આ જ દીને ખાલિસ અને કામિલ શરીઅત તરફ લોગોને દાઅવત કરી ગયા છે. પહેલા નબીએ દીનની તૌહીદે ઈલાહીથી શુરૂઆત કીધી અને આખરી નબીએ તે જ દીનને તમામ અરકાન સાથે કામિલ કીધું. ઈરશાદે રબ્બાની છે કે, **"તે દીન (ઇસ્લામ) બીજા તમામ દીનો પર ગાલિબ થઇ ગયું અને તેમ થાવું ભલેને શિર્ક કરનારાઓને નાપસંદ હોય."** અલ્લાહતઆલાએ જેને પસંદ ફરમાવેલું છે તેને હઝાર કોઈ નાપસંદ કરે તેમાં શું ફર્ક પડવાનો છે. હકક તે હકક છે અને તે ઝાહિર થઈને જ રહેશે. આ દીને અકમલ, ઈત્મામે નેઅમતથી-નેઅમત તમામ થાવાથી યાઅની વલાયતે મૌલાના અલી (અ.સ.) થી બલંદો બાલા થઈ ગયું છે. જે કોઈ એમ ચાહતા હોય કે, એની બલંદી સાથે બલંદ થાય તો આ દીને હકકને અપનાવી લે.

દીને હકકને અપનાવવા વાસ્તે શહરૂલ્લાહ સિવાય બીજો કયો સુનેહરો મૌકો હમને હાથ લાગી શકે. જેની શુરૂઆત પાઁચે વકતની નમાઝથી થાતી હોય, દાઈયુલ્લાહને વાજેબાત અદા કરવાથી થાતી હોય, જિસ્મના

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**મૌત બાદ પણ લોગો તમારી ખૈર ખ્વાહીની ઝિકિર કરે, તે જ અસલી ઝિંદગી કહેવાય.**

*(પેજ નં. ૧ નું બાકી)* ***શહરૂલ્લાહ અને દીનુલ્લાહ.....***

તમામ આઅઝામાં રોઝું હોય, ઈન્સ અને જિન્નના શૈતાનોની રૂસવાઇ થાતી હોય, મખ્લૂકનો હકક અદા થાતો હોય, મુમેનીન મોહબ્બત સાથે રોઝા ઈફતારી કરતા હોય, આરામ મૂકીને અડધી રાતે નિસ્ફિલ્લૈલ અને તહજ્જુદ પઢાતી હોય, ચાર વકત મસ્જિદોમાં મુમેનીન જમાઅ થાતા હોય, મુમિનની ઝિંદગીને કામિયાબ બનાવવા સાહબે દાઅવત નસીહત ફરમાવતા હોય, મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) અને મૌલાતોના ફાતેમા ઝહરા (અ.સ.) ના ફઝાઇલ બયાન થાતા હોય, મુમેનીન હર વકત વુઝૂની હાલતમાં રહેતા હોય, કારોબારને બાઝૂ પર મૂકીને હર કોઇ અકલમંદ મુમિન નફસની જેહાદ વાસ્તે તૈયાર હોય, પોતાના રબને રાઝી રાખવા મુમિન હરપલ કોશિશ કરતો હોય, આ તમામ સિફતો જેને હાસિલ થાય તેનો દરજો કેટલો બલંદ થાય.

**"દીન"** નો લફ્ઝ, "દાલ", "યા" અને "નૂન" થી બનેલો છે. "દાલ", તે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના નામમાં છે; "યા", તે મૌ. અલી (અ.સ.) ના નામમાં છે; "નૂન", તે ઈમામૈન હુસ્નૈન (અ.સ.) ના નામમાં છે. આ જ મુજબ **"રમઝાન"** નો લફ્ઝ, "રા", "મીમ", "ઝાદ", "અલિફ" અને "નૂન" થી બનેલો છે. "રા" થી રહેમત છે, "મીમ" થી મગ્ફેરત છે, "ઝાદ" થી ઝમાનત છે, "અલિફ" થી અન્સત છે અને "નૂન" થી નેઅમત છે. દીનુલ્લાહ અને શહરૂલ્લાહ પર સહી સમઝથી ચાલનાર તેને જ કહેવાય જે દીનના ત્રણ હુરૂફથી અને રમઝાનના પાઁચ હુરૂફથી નુબૂવત, વસાયત અને ઈમામતનો અકીદો રાખતો હોય. દાઅવતે હકકના આ દરજાઓની માઅરેફત, તેઓની મોહબ્બત અને તાઅત જ દીન કહેવાય છે. કોઇ પણ વકતમાં ઈમામ હાઝિર હોય યા ન હોય, પણ તેમના નાઇબ દાઈયુલ્લાહની તાઅત હમારા પર ફરઝ થઇ જાય છે. **આ જ તાઅત દીનુલ્લાહનું દિલ અને મરકઝ છે,** જેના સબબ હમેં શહરૂલ્લાહના હર રૂકનને અદા કરી શકીએ છીએ. દીન મોહબ્બતનો સરચશ્મો છે. ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નો આ કૌલ ઘણો જ મશ્હૂર છે, **"દીન નથી પણ મોહબ્બત છે."** આ અલ્ફાઝ આપે ત્રણવાર ફરમાવા. અલ્લાહતઆલા હમને શહરૂલ્લાહમાં મુમેનીન દરમિયાન મોહબ્બત કાઈમ કરાવે અને એના દીન પર પાબંદ રહેવાની નૈક તૌફીક અતા ફરમાવે. આમીન. ★

---

*(પેજ નં. ૧૦ નું બાકી)* ***મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.)....***

મારી નઝરોને સામે ઊભેલા જોઇને મારી ખુશીની કોઇ ઈન્તેહા ન રહી. મેં આપના પાછલ પાછલ મસ્જિદમાં ગયો અને જે વકત આપ આપના અસ્હાબ સાથે બેસા તો મેં નઝદીક ગયો અને આપને તસ્લીમ કરતો કરતો આપની હઝરતમાં પૈશ થયો. મેં કહ્યું કે, અય સાહબ, આપના વાસ્તે આ તાઝા ફલોનો સદકો લાવો છું. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મને ઘણી ઈઝઝત બખ્શી, મને પાસે બેસાડો અને જે તાઝા ફલોં મેં સદકાના તૌર પર આપા હતા તેને આપે અસ્હાબ અને અન્સારને આપી દીધા અને ફરમાવું કે, તમામ આ ફલોંને જમે, મગર આપે તેમાંથી એક પણ ફલ (ખજૂર) ઝબાન પર ન લીધું. મૌ.સલમાન બયાન કરે છે કે, નબી સાહબની આ હકીકત જોઇને હું પાછો બીજે દિન તે જ મુજબ તાઝા ફલોંનો હદીયો લઇને નબી સાહબની જનાબમાં હાઝિર થયો. મેં અરઝ કીધી કે, **સાહબ ! આ ચીઝ હું આપના વાસ્તે હદીયો લાવો છું, તે આપ કુબૂલ ફરમાવીએ.** રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તે હદીયો કુબૂલ ફરમાવો અને તેમાંથી પોતે પણ જમા અને અસ્હાબને પણ આપા. આપના આ અમલથી દીને ઈસ્લામ તરફ મારૂં યકીન ઝિયાદહ થાતું ગયું અને મને ઈન્તેઝાર હતો કે, મને આપની પુશ્ત મુબારક (પીઠ) પર મોહરે નુબૂવતનો નઝારો કરવાનો મૌકો કયારે નસીબ થાય. આપે સદકો તો કુબૂલ ન કીધો મગર હદીયો કુબૂલ કીધો જે આપની હક્કાનીયતની પુખ્તા નિશાની હતી. ★

**જે વકત તમારા નઝદીક કોઈ કૌમના રઈસ-કરીમ શખ્સ આવે, તો તમેં એને ઈઝઝત બખ્શો.**

## -::: રોઝું : શહરૂલ્લાહનો એક ખાસ રૂકન :::-

અલ્લાહતઆલાએ ઉમ્મતે મુસ્લેમાહ પર શહરૂલ્લાહના રોઝા હર સાલ ફરઝ કીધા છે, જેમ આગલી ઉમ્મતો પર ફરઝ હતા. હર બાલિગ મુમિન અને મુમેનાહ પર શહરૂલ્લાહના ૩૦ અય્યામના રોઝા રાખવા ફરઝ છે કેમકે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, શાઅબાન હમેશા અધૂરા હોય છે (૨૯ અય્યામના) અને રમઝાન હમેશા પૂરા હોય છે (૩૦ અય્યામના). શહરે રમઝાન, અલ્લાહતઆલા તરફ મન્સૂબ છે. લેહાઝા, રોઝું રાખવું અલ્લાહ વાસ્તે છે અને તેની જઝા પણ અલ્લાહના હાથમાં છે. રોઝા રાખવાથી ઈન્સાનને જમવા-પીવાની હયવાની સીરતથી રિહાઈ મીલે છે અને ફરિશ્તાઈ સીરત હાસિલ થાય છે. રોઝાનો મકસદ જ જિસ્મો જાનને પાકીઝગી બખશવું છે જેનાથી હયવાન બેનસીબ છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઓસામહ બિન ઝૈદ (રિ.અ.) ને વસીયત કીધી કે, અય ઓસામહ, **જન્નતના રસ્તાને લાઝિમ રહો, ખબરદાર તેના પરથી ન હટજો.** ઓસામહે અરઝ કીધી કે, તે કયો આસાન તરીકો છે કે, જેનાથી જન્નતનો રસ્તો સહેલાયથી ગુઝારી શકાય ? આપે ફરમાવું કે, સખ્ત ગરમીમાં ભૂખા-પ્યાસા રહેવું (રોઝા કરવા) અને દુનિયાની લઝ્ઝતો તરફ રગબત ન કરવી. તમેં રોઝાને લાઝિમ રહેજો સબબ કે, રોઝું જહન્નમથી ઢાલ છે. જો તમારાથી બની શકે તો તમને મૌત એવી હાલતમાં આવે કે તમારૂં પેટ ખાલી હોય યાઅની તમેં રોઝા ખૂબ રાખજો. આ રોઝા અલ્લાહથી નઝદીકીનો સબબ છે.

પાકી નિય્યત, સાચો એતેકાદ, જમવા-પીવાથી દૂર રહેવું, બૈરોથી કરીબ ન થાવું, તમામ હરામ ચીઝોથી દૂર રહેવું અને અલ્લાહની રઝામંદીમાં પૂરા દિનને ગુઝારવો, રોઝાના મકસદને પૂરો કરે છે. કસર નમાઝ પઢનાર મુસાફિર ફરઝના રોઝા ન કરી શકે પણ શહરૂલ્લાહમાં જો મજબૂરીથી સફર કરે તો આ મુબારક દિનોની હુરમત રાખે. સફરમાં, બીમારીમાં, હૈઝદાર બૈરો, સુવાવડવાલી બૈરો, ઝઈફો જે રોઝાની શિદ્દત બરદાશ્ત ન કરી શકે તેઓ રોઝા ન રાખે પણ જે વક્ત તકલીફ દૂર થાય તો રોઝા ને વાલે. બીજા રમઝાન આવે તે પહેલા ફૌત થયેલા રોઝાને જલ્દીથી વાલવા જોઈએ. **જો રોઝા વાલવાનો કોઇ ઇમ્કાન ન થાય તો દાઅવતે શરીફાહમાં કફ્ફારતુઝ ઝોનૂબ અદા કરવો જોઇએ.**

જે શખ્સ જાણી જોઈને શહરૂલ્લાહમાં રોઝું તોડી નાંખે યાઅની કે જમી લે યા પી લે યા બૈરોથી કરીબ થાય તો એ તે દિનનું રોઝું વાલે અને કફ્ફારો અદા કરે. કફ્ફારો યાઅની એક ગુલામને આઝાદ કરે યા બે મહીનાના રોઝા રાખે યા ૬૦ મિસ્કીનોને જમાડે. શહરૂલ્લાહમાં રાતે કોઈ જનાબતદાર થાય તો એને ફૌરન ગુસ્લ ઉતારી લેવો જોઈએ, ગુસ્લ કરવામાં વાર ન લગાડવી જોઈએ. રાતે જો કોઈને એહતેલામ થાય તો એના વાસ્તે પણ આ જ હુકમ છે. રાતે એહતેલામવાલો યા જનાબતવાલો ગફલતમાં સુઈ ગયો અને ફજર થઈ ગઈ તો એને તે દિનનું રોઝું તમામ કરે અને એક રોઝું વાલે. દિનમાં રોઝાની હાલતમાં કોઈને એહતેલામ થયો તો એ કોઈ ફરઝની નમાઝ જાવા ન દે, પણ જલ્દીથી ગુસ્લ કરે અને પાક થાય તો એનું રોઝું બરાબર છે. પણ જો કોઈ ફરઝની નમાઝ ચાલી જાય અને એ ગુસ્લ ન ઉતારે તો તે દિનનું રોઝું તમામ કરે અને એક રોઝું વાલે.

રોઝદાર પાનીમાં ડૂબકી ન લગાવે, ખુશ્બૂદાર સાબુ, તેલ, પાવડર વગૈરાના ઈસ્તેમાલથી પરહૈઝ કરે. દવા ખાતિર કાનમાં તેલ નાખી શકે છે, પણ કોઈ ચીઝનો અસર હલકથી નીચે ન ઉતરવો જોઈએ. રોઝામાં તાકતના ઈન્જેક્શન ન લેવાય, ઈન્સ્યૂલિન લઈ શકે છે યા કોઈ ટેસ્ટ વાસ્તે ખૂન આપી શકે છે. રોઝાની હાલતમાં ઈત્ર, ડીઓડ્રન્ટ, સ્પ્રે, સેન્ટ ન લગાવે. તબીઅતના સબબ રોઝામાં ખુદ-બ-ખુદ ઉલ્ટી આવે તો તેમાં રોઝું બરકરાર છે, પણ જો ઉલ્ટી કરવામાં આવે અને તેનો અસર હલક પર માલૂમ પડે તો તે દિનનું રોઝું વાલે. ★

**તમેં વુઝૂને કામિલ તૌરથી કરો, તો તે તમારી ઉમને ઝિયાદહ કરશે.**

## ઈત્લાકની દાઅવતે તૈયેબીયાહની ૯૦૦ મી મીલાદે અન્વર પર શાયેઅ થયેલી યમની તારીખની મુફીદ કિતાબ " અસ્હાબુલ યમીન "

યમનની સરઝમીન, મક્કાના કાઅબતુલ્લાહની જમણી તરફ છે. એક માઅનામાં યમીનને મુબારક કહેવાય, મોઅતદલ-તબીઅતને રાહત આપનાર કહેવાય અને રૂશ્દો હિદાયતનો દરવાઝો કહેવાય. યમનની એક તરફ ઊંચા પહાડો અને બીજી તરફ દરિયો છે, જેથી તેની ફિઝા ઘણી જ દિલકશ અને ખૂબસૂરત રહે છે. તેની ઝમીન ઝરખૈઝ અને તેની તબીઅતમાં સૂકાશ અને ઠંડક છે. દીને ઈસ્લામનો હિન્દુસ્તાનમાં પરચમ લહેરાયો તેને હઝાર સાલ પહેલા યમનમાં અરબની તહેઝીબ, રીત-રિવાજ, ચાલ-ચલણ, રિયાસતનો શૌક, અરબી કલ્ચર તેના લોગોની ઝિંદગીના અહમ હિસ્સાઓ છે. તેથી ઝમાનએ કદીમથી યમન એક આબાદો શાદાબ સરઝમીન છે, જેની તરફ તરહ-તરહની કૌમો તેના ઝમીની અને તબીઈ ખઝાનાની કશિશના સબબ ત્યાં આવીને વસેલી છે. **તે સબબ, યમની કૌમ ઇલ્મ, હિલ્મ, શુજાઅત, ગૈરત, કૌમીયત, વતનીયતમાં બેનઝીરો બેમિસાલ છે.** આ સીરત અને ખસલતોના સબબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને દાઅવતે હક્કની તબ્લીગ વાસ્તે, ઈમાનદારોની તરબીયત વાસ્તે, અદલો ઈન્સાફ કાઈમ કરવા, ઝોહદો ઈબાદતનો શૌક અપાવવા વાસ્તે યમન તરફ મોકલા. આપ મૌલા બે વક્ત યમન પધારા અને ત્યાં આપે બે મસ્જિદની બુનિયાદ મુકી, એક મસ્જિદ સન્આમાં છે અને બીજી જનદમાં છે. આજે આ બેવે જગા પર આ મસ્જિદોની બિના મૌજૂદ છે, જે મુમેનીનને આપ મૌલાની યાદ અપાવે છે.

આપ મૌલાએ નબી સાહબના ફરમાનથી યમનમાં દાઅવતે હાદીયાહના ઈલ્મો અદબની નશરો ઈશાઅત કીધી અને આ ઈલ્મી વિરાસત નબી સાહબના ઝમાનાથી આજ તક યમની લોગોમાં અમાનત રહી. જે તે ઝમાનમાં ફાતેમી ઈમામો થયા, તેઓએ આ વિરાસતને સાચવવા અને દાઅવતના શજરને તરો તાઝા રાખવા યમન તરફ દોઆતને રવાના કીધા. તકાઝએ ઝમાન મુજબ આ દોઆતે ફાતેમી ઈલ્મની દૌલતને યમનીઓમાં ઈમામી તાઈદથી વંખેરી. આ તરહ દાઅવતે હાદીયાહ મોહંમદીયાહ અલવીયાહના પરચમ હર વક્ત યમનમાં બલંદ રહ્યા અને તેની અઝમતો શોહરતનો ડંકો મૌ. ઈમામ મહેદી (અ.સ.) ના ઝમાનાથી સૈ. ઈબ્ને હૌશબ અને બીજા દોઆતના ઝરીએ યમનમાં વાગો. આ ઈલ્મની નહેરો મિસિરના ફાતેમી ઈમામોના ઝમાનામાં આપના દોઆતના ઝરીએ જારી થાતી રહી. યહાઁ તક કે, સુલૈહી ખાનદાનના બાદશાહો ફાતેમી અઈમ્મતે તાહેરીન (અ.સ.) ના હામી અને જાઁનિસારો થયા અને તેઓએ યમનની દાઅવતને એક નવો ઔજ બખ્શો. આ દોઆતે ઝુહૂર (ઈમામે હક્ક ઝાહિર હોય તે વક્તના દોઆત) ની મહેનતો મશક્કતનો શરારો અને તુખ્મ સૈ. ઈમામ તૈયેબ (અ.સ.) ના દૌરે સતરમાં **દોઆતે મુત્લકીનની શિક્લમાં ઇલ્મી સરગરમીના શોઅલામાં અને હિકમતો અમલના ચમનિસ્તાન અને બુસ્તાનમાં તબ્દીલ થયો.**

દાઅવતે હાદીયાહની ઔજ અને ચમક ઝુહૂરના વક્તમાં ઈમામની હાઝિરીમાં જે હતી, તેનાથી મઝીદ તૈયેબી દૌરમાં દોઆતે મુત્લકીન (આ.કુ.) ના દસ્તે મુબારક પર થઈ. દાઅવતની શાનો શૌકતનો જલ્વો અઈમ્મતે તાહેરીનના ઝમાનમાં મિસિરના ગલી-કૂચામાં નુમાયા હતો અને ફાતેમી સકાફત-કલ્ચર તેમજ દુનિયાના હરએક મઝહબના ઓલમાનું તે એક મસ્કન અને મૈદાને અમલ હતું. આ જ શાકેલત પર અને તેના જ તૌર તરીકા પર યમની શહેરોમાં દોઆતે મુત્લકીનનો દબદબો અને જાહો હશમ હતો. ફરક એ હતો કે, ઈમામી આબો તાબની ઝલક મિસિરમાં ઝાહિર હતી અને તેના રોઅબો જલાલના સબબ દુશ્મનો પડદામાં ઝઈફો કમ્ઝોર હતા, પણ મૌ. ઈમામ તૈયેબ (અ.સ.) ના ઈસ્તેતાર બાદ યમનમાં ઈમામત અને દાઅવતના વરસો

*(બકીયાહ પેજ નં. ૫ પર)*

**ભલાઈના કામને પૂરું કરવું તેને શુરૂ કરવા કરતા અફઝલ છે.**

*(પેજ નં.૪ નું બાકી)*

**અરહાબુલ યમીન...**

પહેલાના કદીમ દુશ્મનોની નસલમાં અદાવતની આગ શોઅલાઝન થઈ. દોઆતે હકકને કોઈ વકત દાઈએ સૈફ (તલવારથી જેહાદ કરનાર) તો કોઈ વકત દાઈએ કલમ (ઈલ્મથી જેહાદ કરનાર) નો કિરદાર નિભાવવો પડો. **તેથી યમનમાં દોઆતની ખિદમતો ગૈર-માઅમૂલી છે અને તેમાં અપની ૪ સદીઓની દાઅવતની તારીખ ઘણી જ દિલચસ્પ અને સબકઆમૈઝ છે.** તારીખની દિરાસત કરનાર વાસ્તે તૈયેબી દૌરના યમની દોઆતે હકક, કોઈ વકત જંગમાં સિપાહી, કોઈ વકત કુતુબખાનાના કાતિબ, કોઈ વકત મજલિસના ખતીબ, કોઈ વકત મસ્જિદના ઈમામ તો કોઈ વકત એક આમ આદમી મુજબ ઝિંદગી ગુઝારતા નઝર આવે છે. આ તારીખને તહેરીર કરવામાં સૈ. હાતિમ સાહબે, સૈ. અલી બિન મોહંમદ બિન વલીદ સાહબે અને સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહબે (આ.કુ.) પોતાની દુરંદેશી, મહારત અને કલમની ખૂબીથી તારીખના એક-એક સફહાને એક-એક નૂરાની અલ્ફાઝના સહારાથી જે રોશની બખ્શી છે, તે નુમાયા અને બેમિસાલ છે. દોઆતે હકકના સિવાય, ગૈર મઝહબનાં તારીખ લખનારાઓએ સુલૈહી ખાનદાનના દોઆતે કિરામ અને દોઆતે મુતલકીનની તારીખ-નવીસીમાં હઝારો સફહાત લખેલા છે. પણ આ ચાર સદીઓના દૌરાનની તારીખ એક ખુસૂસી મુઅર્રિખે કોઈ એક ખાસ ઝમાનને જ મદ્દે નઝર કરીને લખેલી છે, તેથી ચંદ તારીખી હકીકત યા વારેદાત કોઈ એક કિતાબમાં પઢવા મિલે છે, તો બીજી કિતાબમાં અલગ જ મરહલાની તારીખ દસ્તયાબ થાય છે. દાઅવતે હાદીયાહના અખ્બારના કિતાબોમાં કિસ્તન-કિસ્તન આ મવાદ મિલે છે અને હત્તલ ઈમ્કાન દાઅવતે હાદીયાહ અલવીયાહના "દાએરતે તરબીયતે મુમેનીન" તરફથી આ અખ્બાર મિશ્કાતુલ હાદીમાં એક-એક દોઆતની હસ્બે ઝરૂરત તારીખ શાયેઅ કરવામાં આવી છે. ગૈર અલવી બોહરાની કિતાબોમાં પણ લિસાનુદ્દાઅવત, ઉર્દૂ તેમજ ઈંગ્લીશ ઝબાનમાં છુટક છુટક એહવાલ રકમ થયેલા છે.

૫૩૨ હિ. થી ઝમાનએ હાલ તક ૪૪ દોઆતે હકક જે ઈત્લાકના તખ્ત પર જલ્વા અફરોઝ થયા તેની એક મુકમ્મલ અને જામેઅ તારીખ એક જગા બે જિલ્દોને દરમિયાન પૈશે નઝર હોય, તે મિલવી મુશ્કિલ હતી. મિશ્કાતુલ હાદીના દીની અખ્બારની ઈશાઅત શુરૂ થઈ તે જ વકત હુઝૂરે આલી સૈયેદેના વ મૌલાના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) એ અપના દોઆતે હકકની મુકમ્મલ તારીખની તરતીબ થાય એવું ફરમાને આલી કીધું હતું. હમારા ઝહે નસીબ કે, હુઝૂરે પૂરનૂરના આ ઈઝહારે ખયાલ અને આપના કલેમાતે આલીયાહની બરકાતે વરસોથી જે એક ખ્વાબ હતો તે પાયએ તકમીલ પર પહોંચાડવા વાસ્તે ઈંધનનું કામ કીધું, **જેથી હમને આ તરહનો શાહકાર મુમેનીને દરમિયાન પૈશ કરવાનો ઝૌક અને રગબત વધી ગઇ.** તેથી સૈયેદી માઝૂનુદ્દાઅવત હાતિમ ઝકીયુદ્દીન સાહબ ( દા.ઝિ.) અને મુકાસિરુદ્દાઅવત સૈયેદી મોહંમદ નૂરૂદ્દીન સાહબ (દા.ઝિ.) આ ખિદમતને અંજામ આપવા કમરબસ્તા થયા. હુઝૂરે આલી વાલીદે શફીકની રઝા મુબારકના કિલાદાહ ગરદનમાં નાંખા અને તારીખ-નવીસીને વાસ્તે પૂરી જદ્દોકદ્દ કરવાનો ઈરાદો કરી લીધો. આ બેવે સાહબોએ હુઝૂરે આલી (ત.ઉ.શ.) થી દાઅવતે હાદીયાહ શરીફાહની તમામ અખ્બારની કિતાબો ઈસ્તેમાલ કરવાની ઈજાઝત તલબ કીધી અને આપ મૌલાએ રઝા મુબારક ઈનાયત ફરમાવીને આ સાહબોની ખિદમતને પરવાન ચઢાવવા કરમબખ્શી કીધી.

છેલ્લા ૯ મહીનાથી આ બેવે મરતબાના સાહબો આ કિતાબના બારામાં મુઝાકેરો, મુકાલેમો અને મુબાહેસો કરીને તારીખના સફહાતમાં કયા-કયા કિસ્સા અને વાકેઆ આમૈઝ કરવા તેની જ પૈરવી કરતા હતા. પણ અલ્લાહતઆલાએ ફઝલો એહસાન ફરમાવું છે કે, જેમ જેમ સફહાત પર કલમ ચાલતી ગઈ તેમ તેમ નવા ઈલ્મી દરવાઝાઓના તાલાઓ ખુલતા ગયા અને તારીખે દોઆતે યમાનીયીનની તરતીબનું કામ આગલ વધતું ગયું. આપ મૌલાની દોઆઓના સબબ અલ્લાહતઆલાએ આ ઈલ્મી ખિદમતને ઈખ્તેતામની મોહર લગાવવાનો અને

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

**નૈકબખ્ત સાથે નૈકી કરવાની સાથે બદબખ્ત સાથે પણ નૈકી કરો, જેથી એને નૈકી તરફ હોંશ થાય.**

(પેજ નં. ૫ નું બાકી)

**અસ્હાબુલ યમીન...**

કમાલીયતનો તાજ પહેરાવવાનો મૌકો આજ સાલમાં ફરાહમ કીધો કે, જેમાં યમનના દૌઆતે સતરની ઈત્લાકની દાઅવતને ૯૦૦ સાલ પૂરા થાય છે. આના જેવો નાયાબ, ઝરીન અને સુનેહરો મૌકો સાહબે દાઅવતના નઝદીક કયો હોઈ શકે કે, આ મૌકા પર યમની તારીખના ગુલિસ્તાનની મહેકને કારેઈનને દરમિયાન કિતાબી શિકલમાં એક ખૂબસૂરત ગુલદસ્તો પૈશ કરીને નશર કરવામાં આવે. લેહાઝા, હુઝૂરેઆલી (ત.ઉ.શ.) ના ઈરશાદે આલીથી અમે આ કિતાબનું નામ **"અસ્હાબુલ યમીન"** રાખેલું છે, યાઅની જન્નતી લોગોની મુબારક તારીખ. પહેલા તો આ કિતાબને અપની બોહરા માદરી ગુજરાતી ઝબાનમાં તરતીબ આપવામાં આવી હતી, પછી ઝમાનએ હાલના તકાઝાને મદ્દે નિગાહ રાખીને રાસુલ હુદૂદ ડૉ. ઝુલકરનૈન હકીમુદ્દીન સાહબ (ઝા.ઈ.) ની સખ્ત મહેનત અને પુખ્તા તદબીરથી તેનો ઈંગ્લીશમાં તરજુમો કરીને અલગ જ તૌરથી તેને તરતીબ આપવામાં આવી. યાઅની કે, **આ કિતાબમાં ગુજરાતી અને ઇંગ્લીશ બેવે ઝબાનમાં તારીખ મૌજૂદ છે.** આ સાથે યમનના નકશાના લેહાઝથી ઝિયારતોનો ખાકો, દોઆતે યમાનીયીન (આ.કુ.) ના નામો, આપની દાઅવતની મુદ્દત, ઈન્તેકાલની તારીખ, કબરે મુબારકની જગાનું લિસ્ટ તેમજ મઝારો, મસ્જિદો, કબરોની નૂરાનીદાર તસ્વીરો આ કિતાબમાં શામિલ કરવામાં આવી છે.

હમારી દિલી ખ્વાહિશ તો એ જ છે કે, મુમેનીન આ યમની તારીખને પઢીને ખિદમાતે દોઆતથી વાકિફ થઈને, તેનાથી સબક અને નસીહત લઈને, દાઅવતે હકકના એક રૂહાની ફરઝંદ હોવાના સબબ તેની હર વક્ત હિમાયત કરે, તેની અઝમત કરે, તેની માઅરેફત રાખે તો જ દોઆતે હકક જે મુમેનીનના રૂહાની વાલિદ છે, તેઓ તરફથી તેમની માઅરેફત રાખનાર મુમેનીન વાસ્તે ઈલ્મી ફૈઝ જારી થાય.

યમની દૌરના ૨૪ દોઆતની તારીખે તૈયેબીના આ પહેલા હિસ્સા બાદ, હમારી ઉમ્મીદ છે કે, હમેં હિન્દુસ્તાની દૌરના દોઆતે મુત્લકીન (આ.કુ.) ની તારીખ દરજ કરીને મુમેનીનની ખિદમતમાં પૈશ કરીએ. ઈન્શાઅલ્લાહો તઆલા, **અહમદાબાદના દોઆત અને વડોદરાના દોઆતની તારીખ અલગ-અલગ હિસ્સામાં દરજ કરવાની તદબીર હમેં કરીશું,** જેથી મુમેનીન અપની કુલ ૪૪ દોઆતે અલવીયીન (આ.કુ.) ની મુકમ્મલ તારીખથી વાકિફ થઈ શકે. હમેં હમારા કાસિર કલામનો ઈખ્તેતામ દોઆના કલામથી કરીએ છીએ કે, "અલ્લાહતઆલા હમને દાઅવતે હાદીયાહના મુખ્લિસ ખિદમતગુઝાર કરે, ઈતાઅત ગુઝાર કરે, ખૌફે ખુદા રાખનાર કરે, જે નસીહત હમને તમામ દોઆતે હકક (આ.કુ.) હર વક્ત કરતા આવા છે, કરા કરે છે અને કરતા રહેશે, તેના પર હમેં બિલા કુસૂર અમલ કરતા રહીએ." તારીખ પઢીને હમેં જાણીશું કે, "દોઆતના હકક (આ.કુ.) ના નૂરથી જ મુમેનીનની ઝિંદગીમાં નૂર છે. અલ્લાહતઆલા આ નૂરને હમારા હર અમલમાં ભરી દેજો જેથી હમારા આઅમાલના સબબ હમેં નૂરાનીદાર બનીને દોઆતના જન્નતી દામનમાં દાખિલ થઈએ." ★

---

(પેજ નં. ૭ નું બાકી)

**લયલતુલ કદ્રની શાનાત.....**

યાઅની એક હુજ્જત બહેતર છે. જેનો ઈશારો ફક્ત અને ફક્ત મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના ઝૌજાહ તાહેરાહ મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ની તરફ જ છે, જેઓ મૌ. અલી સાહબના હુજ્જતે ઉઝમા છે, જૌહરે ઈસ્લામીના ખુલાસહ છે.

મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) દૌરે મોહંમદીના પહેલા હુજ્જત અને તેના આખરી હુજ્જત એ સાહબ છે કે, જે મૌલાના કાઈમુલ કયામહ (અ.સ.) ના ઝાહિર થાવા પહેલા હકકના મુમેનીનની જમાઅત દરમિયાન આગલ થાશે. મૌ. ઈમામ કાઈમ (અ.સ.) ગુમ્રાહી અને ઝુલ્મના અંધારાને દૂર કરીને હિદાયત અને ઈન્સાફના સૂરજને તુલૂઅ કરશે, યાઅની કે, આપ મૌલા જ ફજરના મત્લાઅ છે, તુલૂઅ થાનાર સૂરજ છે. અલ્લાહતઆલા હમને લયલતુલ કદ્રની ઈબાદતને હુઝૂરે આલી સૈયેદેના સાહબ (ત.ઉ.શ.) ની નૈક દોઆઓ સાથે નસીબ ફરમાવે અને ઈમામુઝઝમાન (અ.સ.) ના ઝુહૂરના સૂરજને આપ મૌલાના ઝમાનમાં તુલૂઅ ફરમાવે, જેના સબબ અદલો ઈન્સાફના નૂરથી ઝમીન પુર થઈ જાય અને મુમેનીન આપના દીદારથી ફરહતમંદ થઈ જાય. આમીન. ★

**લોગો તમને એવી ચીઝ આપવા પર તૈયાર થાય કે, જે અલ્લાહતઆલા ચાહતા ન હોય તો તે હરગિઝ તમને હાસિલ નહીં થઈ શકે.**

# -::: લયલતુલ કદ્રની શાનાત :::-

હિજરી સાલની ૩૫૫ રાતોમાંથી જે રાત ફઝલો ઈબાદતમાં, અઝમતો મરતબામાં અને દોઆની મકબૂલીયત તેમજ તાસીરમાં બીજી તમામ રાતોથી વધીને છે, તે "લયલતુલ કદ્ર" છે. આ મુબારક રાતને આ જ નામથી પુકારવું જોઈએ, ન કે જાગવાની રાત યા શબે કદ્ર. કુરઆને કરીમથી લયલતુલ કદ્રનું નામ સાબિત છે જે અલ્લાહતઆલાએ ઈનાયત ફરમાવેલું છે. આમ લોગો આ રાતની અને તેના સાહબની ફઝીલતથી બેખબર છે, કેમકે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ અહલે ઈસ્લામને ઝાહિરી તૌર પર આ રાતની નિશાની બતાવી નથી, મગર એટલું ફરમાવું કે, તમેં લયલતુલ કદ્રને શહરૂલ્લાહના આખિરી દસકામાં તલાશ કરો. આપ નબી સાહબે ફકત અહ્લુલ બૈત (અ.સ.) ના મોહિબ્બો અને ખુસૂસન મૌ. ફાતેમા ઝહરા (અ.સ.) ના દરજા અને મકામે જૌહરીને સમઝવાવાલા વાસ્તે આ રાતની નિશાની બતાવી છે. લેહાઝા, **તેઓ વાસ્તે શહરૂલ્લાહની ૨૩ મી રાત લયલતુલ કદ્ર છે.** આ રાત શહરૂલ્લાહના પાછલા ૧૫ અય્યામમાં દરમિયાની રાત છે. આ રાત એવા એક બલંદ પહાડની મિસિલ છે કે, જે ઝમીન પર એ તરહ ઊભેલો છે કે તેના આગલ બીજી ત્રણ નાની ટેકરીઓ છે, જે તેના સાથે જોડાયેલી છે. આ અઝીમ પહાડને સર કરતા પહેલા તેના નઝદીકની ત્રણ ટેકરીઓને સર કરવી ઝરૂરી છે. આને સર કીધા બાદ જ પહાડને સર કરવાની તૈયારી, મહેનત અને ઈરાદો કરી શકાય છે. ત્રણ નાની ટેકરીઓ તે ૧૭ મી, ૧૯ મી અને ૨૧ મી ફાઝિલ રાતોની ઈબાદત અને વશૈકની નમાઝ છે **અને પહાડ તે ૨૩ મી રાત લયલતુલ કદ્રની બાબરકત ઇબાદત છે.** વશૈકની ત્રણ રાતોની માઅરેફત બાદ જ લયલતુલ કદ્ર ની ઈબાદતથી ફૈઝ હાસિલ થઈ શકે છે.

આ રાતની ઝિકિર અલ્લાહતઆલા કુરઆને કરીમમાં સૂરતુલ કદ્રમાં ફરમાવે છે, જેના ઝાહિરી-બાહરી માઅના ઘણા જ આસાન છે, આમ ઝહેન શખ્સના સમઝમાં આવી જાય છે, પણ તેના અંદરૂની-બાતિની-હકીકતના ઈશારા ઘણા ગહેરા અને સખ્ત છે. જેને ઊલુલ અલ્બાબ જ સમઝી શકે છે કે, જેનું ઝમીર આલે મૌ. ફાતેમા (અ.સ.), ઈમામુઝમાન (અ.સ.) ની માઅરેફત અને વલાયતથી રોશન હોય. અહ્લુલ બૈત (અ.સ.) થી આ પૂરી રાતને ઈબાદતમાં ગુઝારવાની રગબત આવેલી છે. માઁ ફાતેમા (અ.સ.) આ રાતે ઓછું જમવાનું ફરમાન કરતા અને બનૂ હાશિમના જવાનો પર પાની છિડકીને ઝિક્રે ખુદા વાસ્તે રાત જગાવતા અને ફરમાવતા કે, બિલાશક! અલ્લાહની રહેમતથી મહેરૂમ છે તે શખ્સ, જે આ રાતના ખૈરથી મહેરૂમ રહ્યો. સૂરતુલ કદ્રમાં અલ્લાહતઆલાએ લયલતુલ કદ્રના નામને ત્રણ વકત યાદ કીધેલું છે. જેનો ઈશારો નુબૂવત, વસાયત અને ઈમામતના દરજા તરફ છે.

આ સૂરતના ઈબ્તેદામાં ઈરશાદે ઈલાહી થાય છે કે, "**ઇન્ના અન્ઝલ્નાહો ફી લયલતિલ કદ્ર.**" યાઅની કે, "હમેં તેને લયલતુલ કદ્રમાં ઉતારા છે અને તમેં શું જાણો કે, લયલતુલ કદ્ર શું છે? લયલતુલ કદ્ર તો હઝાર મહીના કરતા બહેતર છે." દોઆતે હકક (આ.કુ.) આ ચંદ આયતોની માઅના ઝાહિરી તૌર પર એમ અદા કરે છે કે, "હમેં કુરઆને કરીમને લયલતુલ કદ્રમાં ઉતારા અને તમેં શું જાણો કે, લયલતુલ કદ્રની અઝમત અને ફઝીલત શું છે? આ રાતની ઈબાદત તો હઝાર મહીનાની ઈબાદત કરતા અફઝલ છે." યહાઁ કુરઆન અને ઈબાદતના વાસ્તે અરબીમાં કોઈ ખુસૂસી લફ્ઝ ઈસ્તેમાલ થયો નથી. ફકત "અન્ઝલ્ના" બાદ "હો" ની માઅના કુરઆનથી કરવામાં આવી છે અને હઝાર મહીના કરતા લયલતુલ કદ્રની અફઝલીયત અને મકામ, ઈબાદતથી કરવામાં આવો છે. **આ બરતરીના સબબ કદ્રની રાત વરસની તમામ રાતોની સરદાર છે.**

આ તમામ મફહૂમ અને માઅના ઝાહિરી લેહાઝથી કાફી છે, પણ તાવીલી બયાન અહલુલ બૈત (અ.સ.) સિવાય બીજું કોણ કરી શકવાનું હતું. મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની સનદથી અઈમ્મતે આલે મોહંમદ (અ.સ.) જ બોલતા કુરઆન છે, હિકમતનો સાફ આઈનો છે અને સીરતે અંબિયા (અ.સ.) ની ઝિંદા તસ્વીર છે. તેથી હર ઝમાનમાં આ બોલતા કુરઆન જ નાઝિલશુદા કિતાબી શિકલના કુરઆનમાં છુપાયેલી ભેદની

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**અલ્લાહતઆલાને નઝદીક એ જ બંદાનો મકામ બલંદ છે, જે એના હુકમ મુતાબિક પોતાના ફરઝને અદા કરે.**

*(પેજ નં. ૭નું બાકી)* ***લયલતુલ કદ્રની શાનાત.....***

વાતોને ખોદીને ઈમાનદારોની જમાઅતમાં બયાન કરે છે. સૂરતુલ કદ્રના ઈબ્તેદામાં કુરઆને કરીમ નાઝિલ થાવાની ઝિકિર સાથે ફરિશ્તા-રૂહે અમીનના નાઝિલ થાવાની વાત છે અને તે પણ અલ્લાહતઆલાની રઝામંદી સાથે. તે બાદ હર અમર-લમ્હામાં સલામ બોલવાની અને બોલાવવાની વાત છે અને આખિરકાર આ તમામ ચીઝો ચાલા જ કરે છે જહાઁ તક, ફજર ન થાય. આ મુખ્તલિફ ઝિકિરમાં ઈમાનદારો વાસ્તે ઘણા જ ભારી સબક છે.

જે રાતની ઈબાદત એટલી અઝીમ હોય અને જેનો અજરો સવાબ બેઈન્તેહા અને બેશુમાર હોય, તે રાતની શુરૂઆતથી આખિર તક કુરઆન, ફરિશ્તાઓ, રૂહે અમીન અને અમ્રે ઈલાહી સાથે સલામનું નાઝિલ થાવું એમાં ઘણા જ બારીક-લતીફ ઈશારા સમાયેલા છે. જો કિતાબ નાઝિલ થાય તો ફરિશ્તાનું ઉતરવું તેમાં આવી જ જાય અને જો આ સાબિત હોય તો કિતાબની વહ્ય લઈને આવનાર જિબ્રઈલનો નુઝૂલ પણ સાબિત થઈ જ જાય. બીજું એ કે, આલમે રૂહાનીમાંથી આલમે જિસ્માની તરફ ફરિશ્તાઓ પોતાના રબનો હુકમ લઈને આવે તો બિલાશક સલામ સાથે જ આવે. ને કોના તરફ ફરિશ્તા આવતા હતા? ખત્મુલ મુરસલીન, રહમતુલ લિલ આલમીન મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તરફ ! **તો પછી સલામ બગૈર આપના પર કોઈ હુકમે ઈલાહી આવે તે કઈ તરહ મુમ્કિન થઈ શકે.** આપ નબી સાહબ પર જે વકત પણ ફરિશ્તાઓ નાઝિલ થાતા તો અલ્લાહતઆલા તરફથી સલામો તહીયાતનો હદીયો લઈને આવતા અને તે બાદ જ કલામ ઈબ્તેદા કરતા. તો આ ફાઝિલ રાતમાં અલ્લાહતઆલા રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પર કુરઆનને નાઝિલ ફરમાવે છે અને સૂરતુલ કદ્ર પણ નાઝિલ કરીને ફરમાવે છે કે, **આ રાતની ઇબાદત હઝાર મહીનાના દિનો કરતા બહેતર છે.** યાદ રહે કે, એક સાલને અરબીમાં "હૌલ" કહેવાય છે, જે ઈમામ તરફ ઈશારો કરે છે અને ૧૨ મહીના ને ૧૨ જઝીરાના હુજ્જત કહેવાય છે, લેહાઝા એક મહીનો એક હુજ્જતને બરાબર છે. હઝાર મહીના યાઅની હઝાર હુજ્જતથી શહરૂલ્લાહની લયલતુલ કદ્ર,

*(બકીયાહ પેજ નં. ૬ પર)*

## અશ્આર
## -::: દર સિફતે દાઅવતે હક્ક :::-


યૂઁ કેહ રહી હે હમસે કુરઆન કી આયત
સબસે ફુઝૂઁ જહાન મેં હે યારોં નુબૂવત
હરએક નબી કે દૌર મેં યારો વસી ભી થે
મુશ્કિલકુશા અલી તો હે સરદારે વસાયત
પહેલે ઈમામ હમારે મૌલાના હસન હે
નસ્લે હુસૈન સે હી તો જારી હે ઈમામત
તૈયેબ ઈમામે પાક તો પરદે મેં ચલ દિયે
ઔર હુર્રતુલ મલેકાહ બની આપ કી હુજ્જત
સૈયેદેના ઝોએબ પહેલે થે ઈત્લાક કે દાઈ
જારી હે નૌસો સાલ સે યે ફાતેમી દાઅવત
ચૌબીસ દોઆત દોસ્તો ગુઝરેં હે યમનમેં
ઉન્નીસ દાઈ હિન્દમેં હૈં કર ગયે ખિદમત
યે દાઈ ચુવ્વાલીસવેં હૈં મૌલાના ઝિયા
હાતિમ ઝકીયુદ્દીન તો હે માઝૂનુદ્દાઅવત
દાઅવત કી સબ કિતાબેં મિસિર ઔર યમન સે
આઈ હૈં હિન્દુસ્તાન મેં બાશાન ઔર શૌકત
સૈયેદેના અલી આકા મૌલાને હમારે
દાઅવત બચાને કે લિયે પાઈ હે શહાદત
સૈયેદેના અલીને હે, જિસે ખૂન સે સીંચા
દો દો અલી કી મુમિનોં હે અલવી જમાઅત
ટાંકે મેં કઈ સાલ ગુઝારે હૈં મુમિનો
બદરૂલ હોદા હસનને હે, કી દીં કી હિફાઝત
યે દાઅવતે અલી પે ખિઝાઁ જબ કે થી આઈ
મૌલા ઝિયાઉદ્દીનને તબ કર દી થી હિજરત
સૂરત કે નૂરૂદ્દીંને બચાઈ યે જમાઅત
દો ફિરકે મેં બટ જાને કી જબ આઈ થી નૌબત
કુરઆન કેહ રહા હે તહે દિલ સે કરો તુમ
અલ્લાહો રસૂલ ઔર ઊલૂલ અમ્ર કી તાઅત
તૈયેબ ઝિયાઉદ્દીન હે મૌલા જો હમારે
રખના સદા અય મુમિનોં તુમ ઉનપે અકીદત
જલ્દી ઝુહૂર કીજીયે પરદે સે અય ઈમામ
યૂઁ ઈલ્તેજા કરતેં હૈં તૈયેબ ઝિયા હઝરત
અબ્બાસ ભલા અબ હમ દર-દર પે ક્યૂઁ ફિરે
જબ યે દોઆત કરતેં હૈં પૂરી સભી હાજત. ★

**ખુશી તે નથી કે, કોઈ મુસીબત ન હોય; પણ ખુશી તો તે છે કે, તમારા તઅલ્લુકવાલા તમારાથી ખુશ હોય.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....




**ઊભી તરકીબ :**

(૧) ------ મનાવવાનો હકક તેને જ છે જે શહરે રમઝાનના ૩૦ દિનના રોઝા રાખે. (૨)

(૨) આખેરતની પહેલી મંઝિલ ------ છે..(૩)

(૩) મુમિનની હસ્તી મિટતી નથી, પણ તે નૂરાની આલમમાં ------ બની જાય છે. (૩)

(૭) અબ્રહાએ મકકા પર સફેદ ------ ઓ સાથે હમલો કીધો. (૨)

**આડી તરકીબ :**


(૨) હર ------ પર મુમિન વાસ્તે દુનિયામાં ઈમ્તેહાન છે.(૩)

(૪) પાની. (૨)

(૫) હોઠ. (૨)

(૬) દોસ્ત, અઝીઝ (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

નામ : **મોહંમદહુસૈન અબ્દુલઅલી પુનાવાલા**
વફાતની તારીખ : ૧ શાઅબાન ૧૪૩૨ / ૨-૭-૧૧.
સરનામું : ગુલિસ્તાન એપા., આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૯૨૨૭૪૩૭૧૮૩

---

નામ : **હુસૈનાબુ ઇબ્રાહીમ ગાગરવાલા**
વફાતની તારીખ : ૪ શાઅબાન ૧૪૩૨ / ૫-૭-૧૧
સરનામું : બદરી મોહલ્લા, વાડી, વડોદરા.


---

નામ : **શીરીનબુ ઇબ્રાહીમ અત્તરવાલા**
વફાતની તારીખ : ૮ શાઅબાન ૧૪૩૨ / ૯-૭-૧૧
સરનામું : તૈયેબી પાર્ક, આજવા રોડ, વડોદરા.
ફોન : ૦૭૬૦૦૨૫૧૯૪૬.

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઇલ્તેમાસ છે.) ★-

## -::: Shining Stars :::-



**Kaizarali Haiderali Bookbinder** is MBA (Finance) with Post Graduate Diploma in Business Management, has passed Global Programme in Business Leadership (Finance Specialization) in March 2011, through TASMAC (Pune) affiliated with University of Wales, London with First Class. ★

## -::: Congratulation :::-



**Aasiya M. Chashmawala**
Std: 1st
Grade : A




**Mehleka M. Chashmawala**
Std: 3rd
Grade : A



**Aehfaz A. Kagdi**
Std: 3rd
Grade : A



**Afroz H. Surti**
Std: HSC (Sci.)
84.46%



**Zainab A. Tinwala**
B.E. II (Civil Engg.)
Class: First



**Tawfiq I. Rangwala**
BA (Hindi)
Class: Second

**પરહૈઝગાર ઔલાદ કીમતી વિરાસત છે.**

**તમેં ઘર ખરીદો તે પહેલા તેના પડોશીની તપાસ કરો અને તમેં રિશ્તો કરો તે પહેલા દીકરીના ખાનદાનની તપાસ કરો.**

## -::: રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસુલ ખાસ :::-
## મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૪

ઊમૂરીયાહ શહેરમાં ઈસાઈ પાદરી પાસે રહ્યા બાદ એની વફાતના વક્ત એની હિદાયત મુજબ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) એ અરબની ઝમીન તરફ જાવાનો કસ્દ કીધો. ઈત્તેફાક એમ બનો કે, કબીલએ કલ્બનો એક કાફલો અરબસ્તાન જાવા ત્યાંથી ગુઝરી રહ્યો હતો. આપ પણ તે લોગો સાથે થઈ ગયા અને સફરનાં દિવસો ગુઝરતા તેઓની નઝર અને દિલ આપના વાસ્તે બદલાઈ ગયા. કાફલો જે વક્ત એક વાડીને નઝદીક રૂકો તો તેઓએ આપને રસ્સીથી બાંધી દીધા અને ગુલામ બનાવીને ત્યાં રહેતા યહૂદીને વહેંચી નાખા જે આપના રૂપ અને જમાલના સબબ ઘણી ઊંચી કીમત આપવા તૈયાર હતો. યહૂદી આપને લઈને મદીના શહેર તરફ આવો અને એના બીજા ગુલામો સાથે પોતાની વાડીની નિગરાની વાસ્તે આપને રાખા.

આપ યહૂદીની ખિદમતમાં રહ્યા યહાઁ તક કે, મક્કએ મોઅઝઝમાહમાં મોહંમદુલ મુસ્તફા (સ.અ.વ.વ.) એ **દીને ઇસ્લામને ઝાહિર કીધું** અને આપ નબી સાહબે મદીનએ મોનવ્વરાહની તરફ હિજરત કીધી. રિવાયતમાં છે કે, મૌ. સલમાન ફરમાવે છે કે, એક દિન હું મારા માલિક યહૂદીની વાડીમાં મારી આદત મુજબ કામ કરી રહ્યો હતો. એવામાં બનું એવું કે, તે યહૂદીના કાકાના દીકરાએ આવીને મને કહ્યું કે, મદીનામાં મક્કાથી એક નૂરાની સાહબ આવા છે, જે ખુદને અલ્લાહના નબી કહે છે. આટલું જ નહીં પણ મદીનાના ઘણા બધા અરબના સરદારોએ આ નબીનું દીન કુબૂલ કરી લીધું છે અને એમના તાબેઅદાર બની ચુકા છે. આ નબીને માનનારા લોગો પોતાને મુસલમાન કહે છે અને બધા જ એક સાથે ખુદાની બંદગી કરે છે." આ ખબર સાંભલીને મને ઘણી જ ખુશી હાસિલ થઈ અને હું તે દીકરાથી નબી બાબત વધારે હકીકતો પૂછવા લાગો. પણ તે યહૂદીને આ વાત પસંદ ન આવી અને બોલો કે, તમને આ બધી ચીઝ જાણીને શું ગરઝ છે ? તમેં તમારા કામમાં મશ્ગૂલ રહો !

મારા દિલમાં નબી સાહબની મુલાકાત કરવા વાસ્તે બેકરારી વધતી જાતી હતી કે, તે રાતે મેં કેટલાક તાઝા ફલો લીધા અને ફજેરે મારા માલિકની ઈજાઝત લઈને બાઝારમાં નિકલો. મારી પાસે થોડા તાઝા ફલો પણ હતા. જે જગા પરથી મારો ગુઝર થયો ત્યાં ઘણા લોગો જમાઅ હતા અને એક સાહબ દરમિયાનમાં ઊભા રહીને તેઓને હિદાયત આપી રહ્યા હતા. મેં પૂછ્યું કે, આ સાહબ કોણ છે ? તેઓમાંથી એકે જવાબ આપો કે, **આ મોહંમદ (સ.અ.વ.વ.) છે, અલ્લાહના રસૂલ છે અને મુસ્લેમીનના સરદાર છે.** નબી સાહબને

*(બકીયાહ પેજ નં. ૨ પર)*


**અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.**

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

## -::: મદ્રસએ તૈયેબીયાહના તલેબતને કામિયાબીની મુબારકબાદ :::-

**જમાઅતનો મકબૂલ તાઅલીમી ઇદારો મદ્રસએ તૈયેબીયાહના નિઝામને ઝૈર ૧૪૩૨ હિ. ના સાલાના દીની ઇમ્તેહાનની તરતીબ આપવામાં આવી હતી. આ ઇમ્તેહાનમાં પાઁચ અય્યામ તક મદ્રસાના તાલિબે ઇલ્મોની મુખ્તલિફ તરીકાથી આઝમાઇશ કરવામાં આવી હતી. બદરી મોહલ્લા અને આજવા રોડ પરની તમામ ક્લાસોમાં જે બચ્ચાઓએ હર લેહાઝથી મહેનત કરીને પોતાની ઇલ્મી લિયાકતનો ઇઝહાર ક્લાસમાં પહેલા દરજા પર આવીને કીધેલો છે તે ખુશકિસ્મતો નીચે મુજબ છે.**


કેનવાલા ઝિંયાઉદ્દીન અબ્બાસઅલી


લોખંડવાલા અઝરા ઇબ્રાહીમભાઇ



પાઘડીવાલા અઝરા ફખરૂદ્દીન


ઢેલાવાલા સકીના હુસૈનઅલી


રંગવાલા સાફીયા અબ્દુલહુસૈન


બરોડાવાલા ઝયનબ નજમુદ્દીન


ભાઇસાહેબ મુજતબા મા. હાતિમ ઝકીયુદ્દીન સાહબ


ભાઇસાહેબ મુરતુઝા મા. હાતિમ ઝકીયુદ્દીન સાહબ


પાઘડીવાલા ઝકીયા હુસેનઅલી


ભાઇસાહેબ અલીઅબ્બાસ બદરૂદ્દીન


મરચાંવાલા અલી મોહમ્મદ મન્નાન


નરસંદાવાલા શબ્બીરહુસૈન નાયબઅલી


ટીનવાલા અઝરા નાદેઅલી



લોખંડવાલા અબ્બાસઅલી અનીસભાઇ


મેવલીવાલા અલીઅક્બર રોનકઅલી


ચારણીવાલા મરયમ આફતાબહુસૈન



વ્હોરા આરિઝ અબ્બાસઅલી


પરચીગર અમાનઅલી ફિરોઝભાઇ


ધોલકાવાલા ઝયનબ રજબઅલી


ચશ્માવાલા કુલસુમ તારીખઅલી


દુર્ગાવાલા ફાતેમા મુ.નાદેઅલી


કોઠીવાલા આમીન હેબતુલ્લાહ

## -::: રોઝુ મુબારક :::-


અમાનઅલી હુસૈનઅલી ગલીવાલા


આફીયા ડૉ.ઓનઅલી સુરતી


લામેઆ મઝાહિર લોખંડવાલા


હાબિલ શબ્બીરહુસૈન લોખંડવાલા

આ તમામ પ્યારા નૌનિહાલોંને ૨૭ મી રજબુલ મુરજ્જબ-યૌમે મબ્અસનું પહેલું રોઝું મુબારક થાય. એમના વાલેદૈન તેમજ ઘરના તમામ સાહબો બચ્ચાંઓની સેહત, ઉમ્ર દરાઝી અને તાઅલીમમાં સરફરાઝી વાસ્તે દોઆએ ખૈર કરે છે.

**ખૂબસૂરતીની આફત ખુદપસંદી અને તકબ્બુરી છે.**

## -::: ઝાહેર ખબર :::-

## માસુમા બુટીક

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.

**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**

ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

## રૂબી કલેક્શન

**# ફેન્સી રિદા અને મટેરીયલ # ટી શર્ટ ઇઝાર-પાઇજામા # ફેન્સી લેસ # ફેન્સી જોડી # બધા જ પ્રકારના કોટન ડ્રેસીસ તથા મટેરીયલ**

**સુલેમાની બેંક પાસે, એમ.ઇ.એસ ગર્લ્સ સ્કૂલ સામે,
ગેંડીગેટ, વડોદરા.**

**મો.: ૯૯૯૮૦૫૮૦૫૭. ★**

---

## SAT KABIR MOTORS

- ✲ Service & all type of Repairs for all Car's
- ✲ CNG & LPG Govt. Approved Kit Fitting.
- ✲ Service with Quality, Confidence & Honesty.
- ✲ Sp. Offers :- 10% discount on Mechanical Labour Work.

Manager : **M. S. PAGHDIWALA** M.: 9824058318
Ph.(Office) : 2361318 / 9824032629

**Address : Opp. Phoenix Complex,
Near Suraj Plaza Building, Sayajigunj,
Vadodara - 390 005.** ★

---

## એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફ્લેટસ, ટેલીફોન એકસચેન્જ,
પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઝાહેર ખબર :::-

## બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,
વડોદરા - ૩૯૦ ૦૧૭.*

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

## ★ FINE ART ★

**સગાઇ, શાદીના ખુશીના અવસર માટે આકર્ષક ડિઝાઇનવાલા એન્વેલપ (કવર) તથા ઇદ, દિવાલી, બર્થ ડે માટે ગ્રીટીંગ કાર્ડ બનાવી આપવામાં આવશે.**

**બુરહાના એમ. ગોદીવાલા**

એ-૩૨, બહાર કોલોની, આજવા રોડ, વડોદરા.

**M.: 9998582716.** ★

---

LIC
भारतीय जीवन बीमा निगम
LIFE INSURANCE CORPORATION OF INDIA

**Mustakali Vohra**
Insurance Consultant
**Ph.: (0265) 2583316**
**M.: 9510170008**

**MONARCH ART**

- SCREEN PRINTING
- OFFSET PRINTING
- DTP JOB WORK

- STICKERS
- BILL BOOK
- LETTER HEAD
- VISITING CARD
- INVITATION CARD

**2nd Floor, Umallawala's House, Opp. Surti Video,
Badri Mohalla, Wadi, Vadodara - 390 017.**

---

નોંધ :-
જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઇ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૧૦૦/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઇટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

**અલ્લાહતઆલાના નઝદીક તમામ આઅમાલમાં ઝિયાદહ મહેબૂબ તે અમલ છે કે, જે ભલે કમ હોય પણ દુનિયાવાલાઓ તેનાથી નૈકીની મિસાલ આપે.**

**અલ્લાહતઆલાએ જે ચીઝ તમારી કિસ્મતમાં આપી છે તેનાથી રાઝી રહો તો તમેં પરહૈઝગારોમાંથી શુમાર થાશો, ઝાહિદ કહેવાશો.**